# શેરબજાર ફરી કડડભુસ

## નિફ્ટી ૧૮૧ પોઈન્ટ ઘટી ૮૭૫૭ની સપાટીએ : બેંક નિફ્ટીમાં પણ ૬૦૨ પોઈન્ટનો ઘટાડો થયો

મુંબઈ,તા.૯

શેરબજાર આજે શ્રેણીબદ્ધ વૈશ્વિક પરિબળો અને સ્થાનિક પરિબળો વચ્ચે પત્તાના મહેલની જેમ ધરાશાયી થતાં ખળભળાટ મચી ગયો હતો. કારોબારીઓ નિરાશ દેખાયા હતા. અમેરિકામાં રોજગારીના આંકડામાં સુધારો થયા બાદ અમેરિકામાં બેંક દ્વારા વ્યાજદરમાં અપેક્ષા કરતાં વધુ ઝડપથી વધારો કરવામાં આવે તેવા અહેવાલ વચ્ચે તેની માઠી અસર બજાર પર થઈ હતી. તીવ્ર વેચવાલી વચ્ચે સેંસેક્સ ૬૦૪ પોઈન્ટ ઘટીને ૨૮૮૪૫ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૧૮૧ પોઈન્ટ ઘટીને ૮૭૫૭ની સપાટીએ રહ્યો હતો. બેંક નિફ્ટી ૬૦૨ પોઈન્ટ ઘટીને ૧૯૧૪૬ની સપાટીએ રહ્યો હતો. બે મુખ્ય પરિબળો આજના કડાકા માટે જવાબદાર રહ્યા હતા. ભારતીય રૂપિયામાં પણ તીવ્ર મંદી રહી હતી. બોન્ડ કારોબારમાં પણ અફડાતફડી જોવા મળી હતી. ઈન્ફોર્મેશન ટેકનોલોજીના શેરમાં તીવ્ર વેચવાલી જોવા મળી હતી. ટીસીએસ તરફથી નવી માર્ગદર્શિકાને લઈ ચર્ચા રહી હતી. વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ શુક્રવારના દિવસે ૮૦ કરોડની કિંમતના ઈક્વીટીમાં ખરીદી કરી હતી. એશિયન બજારમાં પણ તીવ્ર મંદી રહી હતી. સેક્ટર અને શેરની વાત કરવામાં આવે તો બેંકેક્સમાં સૌથી વધુ ૨.૬ ટકાનો ઘટાડો રહ્યો હતો. પાવર, આઈટી, કેપિટલ ગુડ્સમાં પણ ઘટાડો રહ્યો હતો. હેલ્થકેર ઈન્ડેક્સમાં ૦.૫ ટકાનો સુધારો રહ્યો હતો. એશિયન બજારની વાત કરવામાં આવે તો અમેરિકી જોબ ડેટાની અસર જોવા મળી હતી. મોટા ઈન્ડેક્સમાં નિક્કીમાં ૧ ટકાનો ઘટાડો રહ્યો હતો. જ્યારે સ્ટ્રેટ ટાઈમ્સ અને હેંગસેંગમાં ૦.૨ અને ૦.૪ ટકાનો ઘટાડો રહ્યો હતો. ચીનના શાંઘાઈ કમ્પોઝિટમાં ૧.૯ ટકાનો ઉછાળો રહ્યો હતો. જાન્યુઆરી અને ફેબ્રુઆરી ૨૦૧૫માં નિકાસમાં ઉછાળો જોવા મળ્યો છે. અન્ય ઈન્ડેક્સ હેવીવેઈટમાં પ્રોફિટ લેવાની સ્થિતિ રહી હતી. મેટલના શેરમાં તીવ્ર કડાકો બોલાયો હતો. બ્રોડર માર્કેટમાં મિડકેપ અને સ્મોલકેપમાં ૧-૧.૩ ટકા વચ્ચેનો ઘટાડો રહ્યો હતો. માર્કેટબ્રીડ્થ નકારાત્મક રહી હતી. ૧૮૯૨ શેરમાં મંદી અને ૯૭૬ શેરમાં તેજી રહી હતી.અત્રે ઉલ્લેખનીય છે કે, શેરબજારમાં આજે શરૂઆતી કારોબારમાં પણ ૩૪૦ પોઈન્ટથી વધુનો કડાકો બોલી ગયો હતો જેથી એવી દહેશત ફેલાઈ ગઈ હતી કે, દિવસ દરમિયાન આજે કારોબારમાં તીવ્ર મંદી રહેશે અને ધારણા યોગ્ય સાબિત થઈ હતી. બીએસઈ સેન્સેક્સમાં શરૂઆતમાં ૩૪૦ પોઈન્ટનો ઘટાડો થયો હતો. જેથી તેની સપાટી ૨૯૧૦૮ થઈ ગઈ હતી. જ્યારે એનએસઈ નિફ્ટીમાં શરૂઆતી કારોબારમાં ૮૯૦૦ કરતા નીચી સપાટી જોવા મળી હતી. સવારમાં તમામ સેક્ટરલ ઈન્ડેક્સમાં કડાકો બોલી ગયો હતો. આઈટી, ટેક, બેંકિંગ અને પાવરમાં સૌથી મોટો ઘટાડો થયો હતો. તમામ સેક્ટરલ ઈન્ડેક્સ નેગેટિવ ઝોનમાં રહ્યા હતા. તમામમાં ૨.૦૯ ટકા સુધીનો ઘટાડો થયો હતો. ગુરૂવારે અગાઉના સેશનમાં ૬૮.૨૨ પોઈન્ટનો સુધારો થયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે શેરબજારમાં ગુરૂવારે પણ ભારે ઉથલપાથલ જોવા મળી હતી. કારોબારના અંતે સેન્સેક્સ ૬૮ પોઈન્ટ ઉછળીને ૨૯૪૪૯ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૧૫ પોઈન્ટ ઉછળીને ૮૯૩૮ની સપાટીએ રહ્યો હતો.ગુરૂવારે સેક્ટરલ મોરચે જોવામાં આવે તો બીએસઈ હેલ્થકેર ઈન્ડેક્સમાં સૌથી વધુ ૨.૫ ટકાનો ઉછાળો નોંધાયો હતો.



### આયર્લેન્ડ સામે આજે જંગ

## ભારત સતત પાંચમી જીત મેળવી લેવા માટે તૈયાર

હેમિલ્ટન,તા. ૯

ભારત અને આયર્લેન્ડ વચ્ચે આવતીકાલે હેમિલ્ટનના સેડાન પાર્ક ખાતે આઈસીસી વર્લ્ડ કપમા ગ્રુપ બીની એક મેચ રમાનાર છે. હજુ સુધી વર્લ્ડ કપમાં સતત ચાર જીત મેળવી લીધા બાદ મહેન્દ્રસિંહ ધોનીના નેતૃત્વમાં ભારતીય ટીમ સતત પાંચમી જીત મેળવી લેવા માટે સજ્જ છે. ભારતીય ટીમના બેટ્સમેનો અને બોલરોના ફોર્મને જોતા ભારતીય ટીમ સરળતાથી આ મેચ જીતી જશે તેવી શક્યતા છે. જો કે નવા રેકોર્ડ પર નજર રહેશે. વર્લ્ડ કપમાં જંગી સ્કોર થઈ રહ્યા છે જેથી ભારતીય સ્ટાર ખેલાડી પાસેથી પણ ભારે આશા રહેલી છે.

મેચમાં સ્ટાર ખેલાડી પર નજર રહેશે.મોટા ભાગના ક્રિકેટ ચાહકો અને નિષ્ણાંતો માની રહ્યા છે કે ભારતીય ખેલાડીઓના શાનદાર ફોર્મને જોતા આ મેચ એકતરફી બની રહેશે. પરંતુ હાલમાં નવા નવા રેકોર્ડ સર્જાઇ રહ્યા છે તેવી સ્થિતીમાં કોઈ પ્રમાણમાં નબળી ટીમ સામે સ્ટાર ખેલાડીઓ કોઈ નવા રેકોર્ડ કરી શકે છે કે કેમ તેના પર હવે તમામની નજર રહે છે. ભારતે તેની હજુ સુધીની તેની ચારેય મેચો જીતી લીધી છે. જે પૈકી પ્રથમ મેચમાં ૧૫મી ફેબ્રુઆરીના દિવસે ભારતે તેના નજીકના હરિફ પાકિસ્તાન પર અને ૨૨મી ફેબ્રુઆરીના દિવસે દક્ષિણ આફ્રિકા પર શાનદાર જીત મેળવી હતી. ત્યારબાદ ચોથી માર્ચના દિવસે યુઈએ પર જીત મેળવી હતી. છેલ્લે ભારતે વિન્ડીઝ પર જીત મેળવી હતી. ચારેય મેચો જીતી ભારત ક્વાર્ટર ફાઈનલમાં પહોંચી ચુક્યું છે. પરંતુ તે જીતના સિલસિલાને જાળવી રાખવા માટે મક્કમ છે.પોતાની તમામ મેચ જીતી લીધા બાદ ભારત હવે ફેવરીટ છે. વિરાટ કોહલી, સુરેશ રેના, મહેન્દ્રસિંહ ધોની, શિખર ધવન અને રહાણે પર તમામની નજર રહેશે.


# મસરતની મુક્તિના નિર્ણય સંદર્ભે સંસદના બન્ને ગૃહોમાં ધાંધલધમાલ

## વિરોધ પક્ષને ટીકા ટિપ્પણીનો અધિકાર, પરંતુ એક્તાને ધ્યાનમાં રાખવામાં આવે તે જરૂરી : મોદી

નવી દિલ્હી,તા. ૯

જમ્મુ-કાશ્મીરમાં અલગતાવાદી નેતા મસરત આલમની મુક્તિના મુદ્દે વિરોધપક્ષોએ આજે સંસદના બન્ને ગૃહોમાં ભારે ધાંધલ ધમાલ મચાવી હતી. લોકસભામાં આ મુદ્દે નિવેદન કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, વિરોધપક્ષને ટીકા ટિપ્પણી કરવાનો અધિકાર છે. દેશમાં જે આક્રોશ છે તેમાં એક સુર તેમનો પણ છે. મોદીએ કહ્યું હતું કે, આ પ્રકારની કોઈપણ હરકત ઉપર નારાજગી વ્યક્ત કરવાની બાબત યોગ્ય છે. પરંતુ પોતાના નિવેદનમાં મોદીએ કહ્યું હતું કે, દેશભક્તિની સલાહ કોઈપણ વિરોધપક્ષ અમને ન આપે. કાશ્મીર માટે પોતાના નેતા શ્યામા પ્રસાદ મુખર્જીનું બલિદાન તેઓ આપી ચુક્યા છે. મોદીના આ નિવેદન પર વિરોધપક્ષોએ હોબાળો મચાવ્યો હતો. વડાપ્રધાનના નિવેદન અગાઉ ગૃહમંત્રી રાજનાથસિંહે સંસદને જમ્મુ-કાશ્મીર ગૃહ વિભાગ પાસેથી મસરત આલમની મુક્તિ અંગે મળેલી રિપોર્ટ અંગે માહિતી આપી હતી. રાજનાથસિંહે કહ્યું હતું કે, કેન્દ્ર આ અહેવાલને લઈને સંતુષ્ટ નથી.

કેટલાક મુદ્દાઓ ઉપર સ્પષ્ટિકરણની માંગ કરવામાંઆવી છે. રાજનાથસિંહે સંસદના ઉપલા ગૃહ રાજ્યસભામાં પણ આ નિવેદન દોહરાવ્યું હતું. આજે લોકસભામાં કોંગ્રેસ, તૃણમૂલ કોંગ્રેસ, એનસીપી, આરજેડી અને જેડીયુના સભ્યોએ વડાપ્રધાનના નિવેદનની માંગ કરીને ભારે હોબાળો મચાવ્યો હતો. જેના કારણે બેઠકને મોકુફ કરવામાં આવી હતી. એનડીએ સરકારે આને ગંભીર મામલો ગણાવી કહ્યું હતું કે, જમ્મુ-કાશ્મીર સરકાર સાથે વાતચીત થઈ રહી છે. ગૃહની કાર્યવાહી બીજી વખત શરૂ થયા બાદ પણ ધાંધલ ધમાલ ચાલુ રહી હતી. નાયડુએ સભ્યોને ખાતરી આપી હતી કે, ગૃહમંત્રી રાજનાથસિંહ નિવેદન કરશે. વડાપ્રધાન પણ હાજર રહેશે. જરૂર પડશે તો તેઓ નિવેદન પણ કરશે. તેમના નિવેદન બાદ સભ્યો શાંત થયા હતા. રાજનાથસિંહે લોકસભામાં નિવેદન આપતીવેળા કહ્યું હતું કે, ગૃહના અનેક સભ્યોએ અલગ્તાવાદી નેતા આલમની મુક્તિ પર ચિંતા વ્યક્ત કરી છે. અમને માહિતી મળતાની સાથે જ કાશ્મીર સરકાર પાસેથી અહેવાલની માંગ કરાઈ હતી. હવે અહેવાલ મળી ચુક્યો છે. રાજનાથસિંહે કહ્યું હતું કે, દેશ અથવા લોકોની સુરક્ષા સામે પ્રશ્ન થશે ત્યારે કોઈ સમજુતી કરવામાં આવશે નહીં. રાજનાથસિંહે રાજ્ય સરકાર પાસેથી મળેલી માહિતીના આધારે કહ્યું હતું કે, મસરતે ૨૦૧૦માં ખીણમાં થયેલા પ્રદર્શનમાં મુખ્ય ભૂમિકા અદા કરી હતી. ૧૯૯૫થી લઈને હજુ સુધી તેની સામે ૨૭ કેસ થયેલા છે. જેમાં દેશદ્રોહ, હત્યાના પ્રયાસ અને કાવતરાનો સમાવેશ થાય છે. તમામ ૨૭ મામલામાં તેને જામીન મળી ચુકી છે. ફેબ્રુઆરી ૨૦૧૦ બાદથી પબ્લિક સેફ્ટી હેઠળ તેને આઠ વખત કસ્ટડીમાં લેવાયો હતો. વડાપ્રધાને કહ્યું હતું કે, દેશ અલગ્તાવાદના મુદ્દા ઉપર ક્યારેય બાંધછોડ કરશે નહીં. જમ્મુ-કાશ્મીરમાં સરકાર બન્યા બાદ જે કંઈપણ થઈ રહ્યું છે તેની માહિતી કેન્દ્ર પાસે નથી. આ અંગે કેન્દ્ર સરકારથી કોઈ સલાહ લેવામાં આવી નહતી. અમે આવી કોઈ હરકતને ચલાવી લઈશું નહીં. સ્પષ્ટીકરણ મળ્યા બાદ ગૃહને વધુ માહિતી અપાશે. વડાપ્રધાને એમપણ કહ્યું હતું કે, સમય આવ્યા બાદ ચોક્કસપણે રાજકીય ટિપ્પણી કરવી જોઈએ. ભાજપ સરકારમાં હિસ્સેદાર છે. તેની ટિકા ટિપ્પણી થવી જોઈએ. પરંતુ દેશની એક્તાના સંબંધમાં કોઈ બાંધછોડ થવી જોઈએ નહીં. જયાં સુધી સરકારની વાત છે કેન્દ્ર સરકારની કોઈ સલાહ લેવાઈ નહતી.



# ઉત્તરાખંડ,જમ્મુ-કાશ્મીરમાં ભારે હિમવર્ષા બાદ ઠંડી વધી

શ્રીનગર-દેહરાદુન,તા. ૯

ઉત્તરાખંડ અને જમ્મુ-કાશ્મીરમાં ઘણી જગ્યાઓએ ભારે હિમવર્ષા થઈ છે. કાશ્મીરમાં સિઝનની સૌથી ભારે હિમવર્ષા થઈ છે. બીજીબાજુ બદ્રીનાથ હાઈવેને ઉત્તરાખંડમાં ભારે હિમવર્ષા બાદ બંધ કરવાની ફરજ પડી છે. દહેરાદુનથી પ્રાપ્ત અહેવાલ મુજબ, ખરાબ હવામાનના પરિણામ સ્વરૂપે વિશ્વ પ્રસિદ્ધ ચારધામની યાત્રા પૈકીના એક કેદારનાથ ખાતે નિર્માણ કામ બંધ કરવામાં આવ્યુંછે. અન્ય ત્રણ ધાર્મિક સ્થળ યમનૌત્રી, ગંગોત્રી અને બદ્રીનાથ રહેલા છે. રાજ્ય સરકારના અધિકારીઓનું કહેવું છે કે, દહેરાદુનથી ૮૬ કિલોમીટરના અંતરે સ્થિત ચકરાતા વિસ્તારમાં ભારે હિમવર્ષા થઈ હતી. ભેખડો ધસી પડવાના બનાવો પણ ઋષિકેશ-બદ્રીનાથ રોડ પર બન્યા છે. જેના પરિણામ સ્વરૂપે લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. રુદ્રનાથ, રુપકુંડ, ગૌરસૌન, કૌરીપાસ જેવા વિસ્તારમાં ભારે હિમવર્ષા થઈ છે. આગામી દિવસોમાં ભારે હિમવર્ષા થાય તેવી શક્યતા દેખાઈ રહી છે. હાલના સમયમાં ભારે વરસાદ પણ થઈ રહ્યો છે. દરમિયાનમાં કાશ્મીરમાં ભારે હિમવર્ષા થતાં જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય રાજમાર્ગને બીજા દિવસે પણ બંધ રખાયો હતો. જમ્મુ-કાશ્મીરના ઉનાળા પાટનગર શ્રીનગરમાં ભારે હિમવર્ષા થઈ છે. ગુલમર્ગમાં પણ બરફની ચાદર છવાઈ ગઈ છે. કોકરનાગમાં એક ફુટથી વધુ બરફ પડ્યો છે. વાર્ષિક અમરનાથ યાત્રાના બેઈઝકેમ્પ ગણાતા પહેલાગામ, અનંતનાગમાં પણ બરફ પડ્યો છે. જેના કારણે ફરીવાર ઠંડીનું મોજું ફરી વળ્યું છે. લદાખના કારગીલમાં માયનસ ૬.૪ ડિગ્રી તાપમાન રહ્યું છે. જ્યારે ગુલમર્ગમાં માયનસ ૭ ડિગ્રી તાપમાન રહ્યું છે. નવેસરથી ભેખડ ધસી પડવાના બનાવ પણ બન્યા છે.જમ્મુ કાશ્મીર અને ઉત્તરાખંડમાં ભારે હિમવર્ષાના પરિણામ સ્વરૂપે ઠંડી વધવાની સાથે-સાથે વાહન વ્યવહારને પણ માઠી અસર થઈ છે.



### પાકિસ્તાન સરકારનુ હજુ પણ ઉદાસીન વલણ

## પાકિસ્તાનમાં મોટા પાયે આતંક્વાદીઓની ભરતી

નવી દિલ્હી,તા. ૯

પાકિસ્તાન પર તીવ્ર દબાણ છતાં તે ત્રાસવાદીઓ સામે પગલાને લઈને ઉદાસીન દેખાઈ રહ્યું છે. સેના અને અન્ય સુરક્ષા દળોના કઠોર પગલા અને અસરકારક કાર્યવાહીના કારણે ત્રાસવાદી સંગઠનો હવે તેમની ખતરનાક યોજનાને પાર પાડવામાં સફળ થઈ રહ્યા નથી. આ જ કારણોસર તેમના અસ્તિવત્વ સામે પણ પ્રશ્નો ઉભા થયા છે. જેથી તેમની ગતિવિધીને જારી રાખવા માટે મરણિયા પ્રયાસો થઈ રહ્યા છે. વિશ્વના દેશો ત્રાસવાદીઓ સામે સંગઠિત થઈ રહ્યા છે. પાકિસ્તાન પર પણ દબાણ વધારી દેવામાં આવ્યું છે. છતાં પાકિસ્તાનમાં લશ્કરે તોયબા અને અન્ય ત્રાસવાદી સંગઠનો તેમની ગતિવિધીને આગળ વધારી રહ્યા છે. તેમની હાજરી પુરવાર કરવાના પ્રયાસો પણ કરવામાં આવી રહ્યા છે. ભારતમાં અનેક ભીષણ હુમલાને અંજામ આપનાર ત્રાસવાદી સંગઠન લશ્કરે તોયબા દ્વારા ભરતી કેમ્પ મારફતે ભરતી કરવામાં આવી રહી છે. યુવાનોને જુદા જુદા લાલચ આપીને ભરતી કરવામાં આવી રહી છે. ત્રાસવાદીઓના ભરતી કેમ્પમાં હથિયારોની તાલીમ પણ આપવામાં આવી રહી છે. અહેવાલ મુજબ પાકિસ્તાનમાં તાજેતરમાં જ પુરની સ્થિતી સર્જાઇ હતી. જે ગાળા દરમિયાન બેરોજગાર થયેલા યુવાનોને લાલચ આપીને તેમની સ્થિતીનો લાભ લેવામાં આવી રહ્યો છે. તેમને ત્રાસવાદી બનાવી દેવામાં આવ્યા છે. લશ્કરે તોયબાના લીડર કટ્ટરપથી હાફિજ મોહમ્મદ સઈદ આ કેમ્પમાં યુવાનોની ભરતીમાં સીધી રીતે સામેલ છે.

આ ત્રાસવાદી સંગઠન ભરતી કરીને ખાસ તચાલીમ આપવા માંગે છે. મોડેથી ભરતી કરવામાં આવેલા યુવાનોનો ઉપયોગ ભારત સામે કરવાનો રહ્યો છે. ગુપ્ત માહિતી બાદ તેમની ગતિવિધી પર પર નજર રાખવામાં આવી રહી છે.

## ભટ્ટી હત્યા કેસ : ડીપી યાદવ અંતે શરણે થયા

દહેરાદુન, તા. ૯

ઉત્તરપ્રદેશના વિવાદાસ્પદ રાજકારણી અને ભૂતપૂર્વ સાંસદ ડીપી યાદવે આજે શરણાગતિ સ્વિકારી લીધી હતી.વર્ષ ૧૯૯૨ના મહેન્દ્રસિંહ ભટ્ટી હત્યા કેસમાં ડીપી યાદવને અપરાધિ ઠેરાવવામાં આવ્યા હતા. ભટ્ટીને જ્યુડીશીયલ કસ્ટડીમાં મુકી દેવાયા છે. ખાસ સીબીઆઈ કોર્ટ દ્વારા આવતીકાલે ડીપી યાદવને રજુ કરવામાં આવનાર છે. કોર્ટે પહેલી માર્ચના દિવસે તેમને અપરાધી ઠેરવ્યા હતા. યાદવ ઉપરાંત પાલસિંહ, કરણ યાદવ અને પ્રણીત ભટ્ટીને પણ આઈપીસીની જુદી-જુદી કલમ હેઠળ આ કેસમાં અપરાધી ઠેરવવામાં આવ્યા હતા. સીબીઆઈ કોર્ટે પહેલી માર્ચના દિવસે યાદવ સામે બિનજામીનપાત્ર ધરપકડ વોરંટ જારી કર્યા હતા. પરંતુ તબીબી આધાર ઉપર તેઓ કોર્ટમાં ઉપસ્થિત થયા હતા. અન્ય ત્રણ આરોપીઓ પણ કોર્ટમાં હાજર થયા હતા. જ્યુડીશીયલ જાહેરાત બાદ તેમને જેલમાં મોકલી દેવાયા હતા.

## ૧૩મીએ મોદી શ્રીલંકા પહોંચશે

નવી દિલ્હી, તા. ૯

વિદેશ સચિવ એસ જયશંકરે આજે કહ્યું હતું કે, શ્રીલંકાની વડાપ્રધાન નરેન્દ્ર મોદીની દ્વિપક્ષીય યાત્રાથી બન્ને દેશો વચ્ચેના સંબંધો મજબુત બનશે. રોકાણ ઉપર મુખ્ય ધ્યાન કેન્દ્રીત કરવામાં આવશે. લોકથી લોક સંપર્કને પણ વધારવામાં આવશે. બન્ને દેશો વચ્ચેના સંબંધોને લઈને ભારે ચર્ચા દેખાઈ રહી છે. જયશંકરે આજે નિવેદન કરતાં કહ્યું હતું કે, મોદી શ્રીલંકાની યાત્રાએ જઈ રહ્યા છે. ૨૮ વર્ષના લાંબા ગાળા બાદ કોઈપણ ભારતીય વડાપ્રધાનની આ પ્રથમ શ્રીલંકન યાત્રા છે. છેલ્લે રાજીવ ગાંધીએ શ્રીલંકાની મુલાકાત લીધી હતી. ત્યારબાદથી કોઈપણ ભારતીય વડાપ્રધાને શ્રીલંકાની યાત્રા કરી નથી. શ્રીલંકા અને ભારત વચ્ચે ટૂંકાગાળામાં આ ચોથી યાત્રા છે. ભારત અને શ્રીલંકા વચ્ચે કારોબાર ૫.૨ અબજ ડોલરનો રહ્યો છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધારવા, શ્રીલંકામાં રોજગારીને વધારવા ઉપર પણ ચર્ચા થશે. વડાપ્રધાન જાફનામાં ભારત દ્વારા બનાવવામાં આવેલા આવાસ પણ સોંપશે. હજુ સુધી ૨૭ હજાર મકાનો બનાવવામાં આવ્યા છે. મોદી ૧૩મી માર્ચના દિવસે બે દિવસની યાત્રાએ રવાના થશે.

## સમાચાર ઝલક

- વંથલીના ખેડૂત શ્રી હરજીવનભાઈ ચાવડાએ સૌરાષ્ટ્રમાં ભાગ્યે જ વાવેતર કરાતી હળદરનો પાક લઈને નવો માર્ગ ચીંધ્યો.
- ગુજરાતમાં વાહનોની હેડલાઈટ પર પીળા પટ્ટાનો નિયમ રદ. ૩૦ લાખ વાહનોને મુકિત.
- હજીરાના ક્રિભકોના મહિલા મેનેજરનું બેંક ખાતું હેક કરી ડોલર અને ભારતીય ચલણની ઉઠાંતરી કરી.
- અમદાવાદની સીવીલમાંથી સ્વાઈન ફ્લ્યુના ૮૮ દર્દીઓ સારવાર લેતાં લેતાં ભાગી ગયા.
- વેરાવળ નજીક બે ટ્રકો સામ સામે અથડાતાં આગ ભભુકી એકનું ભડથું.
- ગીરમાં બે વર્ષમાં ૧૨૯ સિંહના મોત થયા.
- વિશ્વસ્તરે અનાજના ભાવ જુલાઈ-૧૦ પછી સૌથી નીચા ભાવ ઘઉંનું મબલખ ઉત્પાદન.
- કન્નુરમાં કમોસમી ભારે વરસાદથી પુર જેવી પરિસ્થિતિ. લાખોનું નુકશાન.
- અમેરિકાના ભારતીય રાજદુત તરીકે શ્રી અરૂણસિંઘની પસંદગી.
- આજથી મુંબઈમાં વિશ્વમાં ૨૪ સ્નુકર મહારથીઓની ટક્કર થશે.
- લંડનમાં હિટલરના હસ્તાક્ષરવાળા પુસ્તકની કિંમત બાવીસ લાખ રૂપિયા બોલાઈ.
- બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસીના વિસ્ફોટમાં સ્હેજમાં બચ્યા.
- ઓસ્ટ્રેલિયામાં ભારતીય મહિલા આઈ.ટી. કન્સલ્ટન્ટની ચાકુ મારી નિર્મમ હત્યા.

### હરિયાળું હરણોધાન (પાના નં. ૪ નું ચાલુ)

'તમારી વાત હું સમજી શકું છું.'

સાહેબ આ અમારી મજબુરી અને લાચારીને તમે સમજી શકતા હો તો અમને રજૂઆત કરવાની તક અપાવો.

'હાં, જરૂર હું મારાથી બનતો પ્રયાસ કરીશ. બાકી તો તમારા બધાનું નસીબ. આજે હોળીનો તહેવાર છે. ઘેર બધા તમારી વાટ જોતા હશે.'

'સાહેબ આ બધા જલસા તો મોટા માણસોને, અમારે તો રોજ હૈયાં હોળી જ છે.' કહેતાં હેમાજી ચાલતાં થયા.

હું ફરી વિચારમાં પડ્યો. પર્યાવરણના પટારા સમાન આ નૈસર્ગિક જગ્યાનું આકર્ષક કંઈક એ પ્રકારનું છે કે ગમે ત્યારે કોઈને કોઈ અહીં મહાલવા આવી જાય છે. એકવાર વણઝારા નામના પોલીસખાતાના ઉચ્ચ અધિકારીએ અહીં રાજસ્થાની લોકનૃત્યોનો કાર્યક્રમ રાખેલો. શણગારેલા ઊંટ અને રંગબેરંગી પોષાકોમાં ઘુમ્મર નાચ સાથે મોડી રાત સુધી પાર્ટી ચાલેલી. મને અંગત રીતે એમ લાગે છે કે પ્રકૃતિ ઉદ્યાનમાં આવા જલસા થવા ન જોઈએ. આપણે વન્યજીવોનો પણ વિચાર કરવો જોઈએ. ધ્વનિ અને પ્રકાશના પ્રદૂષણથી તેમને કેટલી મુશ્કેલી પડતી હશે તેનો પણ ખ્યાલ રખાવો જોઈએ. પણ સત્તા પાસે શાણપણ નકામું છે એ કહેવત યાદ આવે છે.

દૂરથી 'રેસ્ટ હટ' પર નજર કરું છું તો નદી કિનારે કોઈ મોટું જહાજ નાંગરેલું હોય અને ઝળઝળ રૌશનીથી શોભી રહ્યું હોય તેવું દેખાય છે. કૃત્રિમ આ દશ્ય પણ રૂપાળું તો લાગે છે. પણ તેની નીચેનો અંધકાર જોતાં મને ખિન્ન થઈ જાય છે.

# સત્યમ કેસમાં હવે ૯મી એપ્રિલના દિવસે ચુકાદો

હૈદરાબાદ,તા.૯

સમગ્ર દેશ અને કોર્પોરેટ જગતને હચમચાવી મુકનાર સત્યમ કોમ્પ્યુટર સર્વિસ લીમિટેડમાં કરોડો રૂપિયાના એકાઉન્ટિંગ કૌભાંડમાં તપાસ કરનાર ખાસ અદાલતે આજે જાહેરાત કરી હતી કે તે સીબીઆઈ દ્વારા તપાસ કરવામાં આવેલા આ કૌભાંડ કેસમાં તેનો ચુકાદો ૯મી એપ્રિલના દિવસે જાહેર કરશે. સ્પેશિયલ જજ ચક્રવર્તીએ કહ્યું હતું કે, આ કેસમાં જંગી દસ્તાવેજો રહેલા છે. હવે ૯મી એપ્રિલના દિવસે ચુકાદો અપાશે. સુપ્રીમ કોર્ટનો એવો આદેશ છે કે ચુકાદો જાહેર કરવામાં આવે. જો કોઈ અડચણ છે તો તેને દૂર કરવામાં આવે. કોર્ટ તેની કાર્યવાહી મુજબ આગળ વધશે. ડિફેન્સ વકિલો આજે કોર્ટમાં ઉપસ્થિત રહ્યા નહતા. કારણકે, તેલંગાણામાં વકિલોનું આંદોલન ચાલી રહ્યું છે. આ લોકો નવા રાજ્ય માટે અલગ હાઈકોર્ટની માંગણી કરીને કોર્ટ કાર્યવાહીનો બહિષ્કાર કરી રહ્યા છે. ૨૩મી ડિસેમ્બર ૨૦૧૪ના દિવસે પણ આ મામલામાં સુનાવણી કરાઈ હતી. હાલમાં જામીન પર રહેલા તમામ ૧૦ આરોપી આજે કોર્ટમાં ઉપસ્થિત રહ્યા હતા. ૨૩મી ડિસેમ્બરના દિવસે છેલ્લી સુનાવણી દરમિયાન ખાસ જજ બી. ચક્રવર્તિએ કેસમાં દસ્તાવેજો ધ્યાનમાં લેવાની વાત કરી હતી. આશરે ૩૦૦૦ દસ્તાવેજોની નોંધ લેવામાં આવી ચુકી છે. છ વર્ષ અગાઉ ટ્રાયલ શરૂ થઈ હતી. ટ્રાયલ દરમિયાન ૨૨૬ સાક્ષીની ચકાસણી કરવામાં આવી છે. કેસમાં સીબીઆઈ દ્વારા તપાસ કરાઈ હતી. છેલ્લે ૨૩મી ડિસેમ્બરના દિવસે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. એ દિવસે તમામ આરોપી કોર્ટમાં ઉપસ્થિત રહ્યા હતા. કુલ ૧૦ આરોપીઓએ કોર્ટ કાર્યવાહીમાં હાજરી આપી હતી. દેશના સૌથી મોટા એકાઉન્ટિંગ કૌભાંડમાં ટ્રાયલ ૮મી નવેમ્બર ૨૦૧૦ના દિવસે શરૂ થઈ હતી. આ ટ્રાયલ ૨૪મી જૂન ૨૦૧૪ના દિવસે પૂર્ણ થઈ હતી. આશરે છ વર્ષ સુધી ટ્રાયલ ચાલ્યા બાદ હવે ચુકાદો જાહેર કરવામાં આવનાર છે જેથી તેના પર તમામ કોર્પોરેટ જગતની પણ નજર રહેશે. એસએફઆઈઓ કેસોમાં સત્યમના સ્થાપક બી. રામાલિંગા રાજુને અપરાધી જાહેર કરવામાં આવ્યા બાદ હવે ચુકાદો જાહેર કરવામાં આવે તેવી શક્યતા છે. સિરિયસ ફ્રોડ ઈન્વેસ્ટીગેશન ઓફિસ (એસએફઆઈઓ) દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદોના સંબંધમાં આર્થિક ગુનાઓ માટેની અદાલતે આઠમી ડિસેમ્બરના દિવસે સત્યમના ભૂતપૂર્વ ચેરમેન રાજુ, તેમના ભાઈ અને સત્યમના પૂર્વ એમડી બી. રામા રાજુ, તેના પૂર્વ ચીફ ફાયનાન્સિયલ ઓફિસર વી. શ્રીનિવાસ અને પૂર્વ ડિરેક્ટર રામ મ્યાનામપતિને છ મહિનાની જેલની સજા કરવામાં આવી હતી. કેન્દ્રિય કોર્પોરેટ બાબતોના મંત્રાલયની તપાસ શાખા તરીકે એસએફઆઈઓ છે. આ શાખા દ્વારા ડિસેમ્બર ૨૦૦૯માં આર્થિક ગુનાઓ માટે ખાસ અદાલતમાં કંપની એક્ટની જોગવાઈનો ભંગ કરવા બદલ સત્યમ કોમ્પ્યુટર સર્વિસ લિમીટેડ અને તેના ડિરેક્ટરો સામે સાત ફરિયાદો દાખલ કરી હતી. દેશના સૌથી મોટા કોંભાંડ તરીકે તેને ગણવામાં આવે છે. સાતમી જાન્યુઆરી ૨૦૦૯ના દિવસે આ કેસ સપાટી પર આવ્યો હતો.